સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૯૬ / શુમારો : ૧૨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ફુલ પાના - ૧૦

مشکوۃ
# મિશ્કાતુલ હાદી
Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ ઝીલહજ્જ ૧૪૩૨ હિ., ૨૮-૧૦-૨૦૧૧

## -::: આરામ પણ ઝરૂરી છે :::-

ફિકર કરનારાઓની ફિકરના ઘોડા હર તરફ દોડતા હોય છે. તેને કોઈ લગામ હોતી નથી કે, જે તેને કાબૂમાં રાખી શકે. જો ફિકર કરનારાઓ અંબિયા (અ.સ.) ની નસીહતો અને તૌર તરીકા પર નઝર કરે તો તેમના ફિકરો-ખયાલ અને ગુમાન કઈ હદ તક સહી રસ્તા તરફ વાલી શકાય અને જેટલો વક્ત આ ચીઝોમાં ખર્ચ થયો હોય તેનાથી કંઈ ખૈર નતીજો કાઢી શકાય. જો તેઓને સહી વક્ત પર સહી રસ્તો નથી મિલતો તો કુરઆને કરીમની આયાતે શરીફહની માઅના-મતલબમાં પણ આ લોગો પોતાની સોચ, રાય યા ગુમાનના જંગલી ઘોડા પર સવાર થઈને સાચી હકીકતોથી દૂર અંધારી રાહોં પર ગુમનામીની જગાઓ પર ભટકીને હલાક થઈ જાય છે. કુરઆનમાંથી તેઓને જે ગમતું હોય તે પઢી લે છે, જે ફાવતું હોય તે સમઝી લે છે, જે કહેવું હોય તે બનાવી લે છે અને જે કરવું હોય તે માની લે છે. થોડી ચીઝ સમઝમાં આવે છે અને થોડી ચીઝ સમઝીને પણ સમઝવાની કોશિશ કરતા નથી. આ અણસમઝ લોગો કુરઆને કરીમનો હવાલો આપીને કહે છે કે, **"ખુદાતઆલાએ આ કાએનાત ૬ દિવસમાં પૈદા કીધી અને સાતમાં દિવસે અર્શ પર આરામ ફરમાવવા બેસી ગયો !"** ખુદાની ઝાત એવી બલંદ છે કે, એને ઈન્સાન જેવો ન થાક લાગે છે ન કે એને આરામ કરવાની ઝરૂરત છે. સમઝદાર લોગો કહે છે કે, ૬ દિવસોનો મતલબ અંબિયા (અ.સ.) ની મૌ.આદમ થી મૌ.મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) તક ૬ શરીઅતો છે અને સાતમો દિન, યાઅની આલે મોહંમદમાંથી મૌ.કાઈમુલ કયામહ (અ.સ.) પધારશે અને ઈન્સાફ કાઈમ કરશે તેનો થાય છે. દિમાગને આરામ ન મિલવાના સબબ હિદાયતને તલાશ કરવાની દોડ-ધૂપમાં અણસમઝ લોગો કુરઆનની આયતોની ગલત-સલત માઅના બનાવી લે છે. હિદાયતનુમા ઈમામે હક્કનું દામન જે સમઝદાર મુમેનીનના હાથમાં છે, તેઓનું દિલો-દિમાગ સુકૂનો આરામમાં છે કે, તેઓને આખેરતમાં પોતાનો મકામ ઝરૂર ખબર છે.

> **" અલ-હાદી " પોતાના તમામ અઝીઝ કારેઈનને દિલી ફરહતો મસર્રત સાથે " ઈદુલ અઝહા " ની અને " યૌમે ઈદિ ગદીરે ખુમ્મ " ની મુબારકબાદી પૈશ કરે છે.**

ઘણા લોગો એમ માને છે કે, **"આરામ હરામ હે."** આ કૌલને હમણાના વક્તના સાઁચામાં સોચીએ તો એમ કહેવું બિલકુલ વાજિબ છે કે, **"આરામ કરના બેહદ ઝરૂરી હે."** ઈન્સાનનો મિઝાજ અને તબીઅત એ તરહ બનેલી છે કે, કામ-કાજમાં ગુઝારેલો વક્ત એને થકવી દે છે અને જો એને તાકત અને તાઝગી દોબારહ જોઈતી હોય તો એને આરામનો સહારો લેવો પડે છે. ઈન્સાનની સેહતનો તઅલ્લુક જેટલો કામકાજ સાથે છે એટલો જ ગહેરો રિશ્તો આરામ સાથે પણ છે. મુસલસલ કામ કરવાથી દિમાગના જ્ઞાનતંતુઓ થાકી જાય છે, જિસ્મ થાકી જાય છે અને નતીજો એ થાય છે કે, કામ યા તો અધૂરૂં રહી જાય છે યા તેમાં ખતા થાવાની શુરૂઆત થાય છે. **જિસ્માની યા ઝહેની બેવે તરહના કામકાજ કરનાર શખ્સને આરામની સખ્ત ઝરૂરત છે.** મહેનત કરનાર શખ્સને કામના દૌરાન થોડા વક્ત વાસ્તે વકફો અપાય, રાહત વાસ્તે બ્રેક અપાય તો આપેલા કામને તેના વક્ત પર પૂરૂં કરવા એની નિય્યત વધારે મઝબૂત થઈ શકે છે અને કામમાં એનું હુનર ઝલકી શકે છે.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જૂઠ બોલવું જેટલું આસાન છે એટલું જ મુશ્કિલ સચ્ચાઈને કુબૂલ કરવું છે.**

(પેજ નં. ૧ નું બાકી) ***આરામ પણ ઝરૂરી છે....***

આલિમે ઈજતેમાઅ (Sociologist) અને આલિમુન્નફસ (Psychologist) પણ આજે આ વાત સહી ઠહેરાવે છે કે, મશીન જેમ એકનું એક કામ કરીને ઈન્સાન બુઠો બની જાય છે. લેહાઝા, કોઈ પણ મુલાઝેમત-નોકરી-ખિદમતના મુકર્રર-શુદા કલાકોમાં Routine ના Schedule માં જો કામદારને પોતાની ઝાત વાસ્તે થોડો વક્ત આપવામાં આવે તો એની તબીઅતમાં નવો જોશ પૈદા થઈ શકે છે. Foreign માં કેટલાક institutions માં યા Multi-national કંપનીઓમાં તો પોતાના મુલાઝિમો-કારિગરોને બપોર પહેલા કે સાંજે ચારેક વાગે ચા-બિસ્કીટ યા નાશ્તા વાસ્તે ૧૦-૧૫ મિનિટની બ્રેક આપવામાં આવે છે. જેમાં employees રાહતનો દમ લઈ લેતા હોય છે. આનો નતીજો એ સામે આવે છે કે, કારકુનો જેટલો ટાઈમ refreshment કે રાહતમાં ગુઝારે છે, તેના કરતા ઝિયાદહ સ્ફૂર્તિથી તેઓ બાકીના કામ પૂરા કરી લેતા હોય છે અને ઓફિસ-ફેક્ટરીમાં તાઝગી ભરો માહૌલ જોવા મિલતો હોય છે.

અપને પણ જો રોઝિંદા કામકાજમાં જે વક્ત કંટાલી જઈએ યા કોઈ ઉલઝન-પૈચીદગીમાં ફસાઈ જઈએ તો તે ચીઝને થોડા વક્ત બાઝૂં પર મુકી યા તેના વાસ્તે સોચવાનું છોડી દઈ જો ૧૦-૧૫ મિનિટ આરામ કરી લઈએ યા બીજા કામમાં દિલ લગાવી દઈએ તો ફૌરન ઝહેનમાં નવા વિચારો પૈદા થાય છે, નવા નુસ્ખા સુઝે, નવો નઝરીયો બંધાય જેથી બગૈર જાનના કામની નવી તસ્વીર બનાવીને તેમાં કમાલીયતના રંગ પૂરી શકાય. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, **"ખૈર કામનો અંજામ તેની શુરૂઆત કરતા ઝિયાદહ બહેતર હોય છે."** આ ખૈર કામ તે છે કે, જેને કરવામાં દિલ લાગેલું હોય. દિલથી કીધેલું નાનામાં નાનું કામ નિખરી ઉઠે છે, પણ બગૈર દિલનું કામ પછી તે પૂરૂં થાય યા અધૂરૂં રહે તેમાં કોઈ તરહની ખુશી હોતી નથી. ઘણાઓની આદત હોય છે કે, તેઓ એક જ વક્તમાં ઘણા કામો એકસાથે કરતા હોય છે. આમ તેઓ પોતાના વક્તને, તાકતને અને કામની એહમીયતને ઝાયેઅ કરી દે છે. ન તો તેઓ કામને ઈન્સાફ આપી શકે છે ન તો વક્ત પર તેને પૂરૂં કરી શકે છે. દવાના overdose ના સબબ જેમ side-effects થાય છે તેમ જિસ્મ અને ઝહેન પર કામનો overdose થાવાથી સેહત બિગડી શકે છે. આ તેના વાસ્તે છે કે, જે બધા જ કામોનો ટોપલો એક સાથે પોતાના સર પર લઈને ફિરતા હોય છે. તેઓનું કહેવું છે કે, ઓછામાં ઓછા વક્તમાં ઝિયાદહ કામ કરવું તે જ હુશિયારી છે. પણ હકીકત તો એ છે કે, જિસ્માની આરામનું કત્લ કરીને કામ કરવું જિસ્મને કૈદી બનાવી લેવું છે. જેમ કૈદીની તરો તાઝગી કૈદખાનામાં ઉડી જાય છે તેમ જિસ્મને સેહતનો સાથે છોડવામાં વાર નહીં લાગે. ઝિંદગીનો દિન તે દિન છે કે, **જેમાં ઝિંદાદિલી થી કામ થાતું હોય.**

ઉમ્મીદો ઉમંગ સાથે મુસ્તકબિલની ફિકર અગર ઝહેનમાં હશે અને આરામ કીધા બાદ પણ કામના નતીજા તરફ નઝર અને તવજ્જોહ હશે, તો મિઝાજમાં તરાવત અને તબીઅતમાં ખુશી દાખિલ થાશે અને હરએક કામને તેના મકસદ મુજબ અંજામ તક પહોંચાવી શકશે.

***"The Hard you Act, the Best you get"*** ★

આલિમે અહલે બૈત (અ.સ.), જેહાદ દૌરાન પોતાના જાનથી કુરબાની આપનાર શહીદ કરતા દરજામાં વધીને છે અને શહીદ, આબિદ-ઈબાદતગુઝાર કરતા વધીને છે. અલ્લાહતઆલાના ચુનિંદહ, પસંદીદહ ખાસ બંદા યાઅની નબી, આલિમ કરતા વધીને છે. કુરઆને કરીમ તમામ કલામો કરતા વધીને છે અને અલ્લાહ તમામ પૈદાશુદા ચીઝો યાઅની ખલ્ક કરતા વધીને છે. એક આલિમ જે મુજબ તમામ ઈન્સાનોની અકલ પર સરદારી કરે છે, **તેમ અલ્લાહના નબી તમામ આલિમોના ઇલ્મો અમલ પર સરદારી કરે છે.** આલિમ અને આબિદના દરમિયાન સેંકડો દરજાઓનો ફરક છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, યૌમે કયામત ત્રણ તરહના લોગોને શફાઅત કરવાનો હુકમ હશે : (૧) અંબિયા (અ.સ.) (૨) ઓલમા અને (૩) શોહદા. આ દિન શહીદોના ખૂનનું આલિમોની સિયાહી સાથે વઝન કરવામાં આવશે, તો આલિમોની સિયાહી, શહીદોના ખૂન પર વધીને સાબિત થાશે. એક આલિમે હક્ક જે પોતાના ઈલ્મથી ફાયદો લે અને બીજાને ફાયદો આપે એ ૭૦,૦૦૦ ઈબાદતગુઝાર કરતા વધીને છે.

**ઝુલ્મને બરદાશ્ત કરવાથી ઝુલ્મ વધે છે.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિકિર

## : મસાજિદની ઝિકિર : - કિસ્ત-૪

❊ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, ઝરૂર, અલ્લાહની તૌહીદમાં શિર્ક કરનાર મુશ્રેકીન નાપાક છે, નજિસ છે. નાપાક લોગોને મસ્જિદ જેવી પાકીઝા જગામાં દાખિલ ન કરવા જોઈએ. મુશ્રેકીન બે તરહના હોય છે. એક મુશ્રિક તે કે જે ઝાહિર હોય, તેનું શિર્ક ખુલ્લું હોય, એ જિસ્મ અને જાન બેવેથી નાપાક હોય. બીજો મુશ્રિક તે કે જેનું શિર્ક છુપેલું હોય, જિસ્મથી પાકીઝા દેખાય, ઝબાન અને ચેહરાથી દીનદાર લાગે પણ એનું જાન નાપાક હોય. સબબ કે, એનું જાન ઈમામુઝઝમાન (અ.સ.) ની માઅરેફતથી ખાલી હોય છે. ઝમાનાના ઈમામ યા દાઈના દરજામાં કોઈ તાગૂતને શરીક કરવું પણ એક તરહનું શિર્ક છે. **રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઉમ્મતના લોગોમાં બારીકમાં બારીક અને ઘણી જ છુપાયેલી ચીઝ શિર્ક છે.** મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની માઅરેફત કરવામાં બે કૌમ હલાક થાશે, અલ્લાહની લાઅનત એ લોગો પર વરસશે. એકે આપને હદ્દથી વધારે માનીને ખુદા કહી દીધા કે, જે શિર્ક છે અને બીજાએ આપને આપના દરજાથી પાડીને બીજાઓને તેમાં શરીક કરી દીધા, તે પણ શિર્ક છે. આ લોગો જિસ્મથી નહી પણ જાનથી ઝિયાદહ નાપાક હોય છે.

❊ મસ્જિદમાં કોઈ નાપાક શખ્સને દાખિલ થાવા દેવો જોઈએ નહી. જનાબતદાર (બૈરોથી હમબિસ્તરી કરનાર) શખ્સ પણ નાપાક છે, જ્યાં તક એ ગુસ્લ કરીને પાક ન થાય ત્યાં તક એ મસ્જિદમાં આવી શકે નહીં. આ હુકમ જનાબતદાર બૈરો યા હૈઝદાર બૈરો વાસ્તે પણ છે. જો કોઈ ઝરૂરત પૈશ આવે તો આ લોગો મસ્જિદના સહેનમાંથી ગુઝરી શકે છે. પણ જ્યાંથી નમાઝીઓની સફ થાવાની હદ્દ શુરૂ થાતી હોય ત્યાં જાય નહીં યા બેસે નહીં. આ નાપાકી ફક્ત જિસ્મ સાથે તઅલ્લુક રાખે છે, તેથી વુઝૂ અને ગુસ્લ કરીને કોઈ પણ મુમિન પાક થઈ શકે છે અને મસ્જિદમાં આવી શકે છે.

❊ મસ્જિદ, દિલના સુકૂન વાસ્તેની જગા છે, લેહાઝા, તેનો માહૌલ નૂરાની અને ખુશ્બૂદાર હોવો જોઈએ. **ખુશ્બૂના સબબ કરારીયત સાથે નમાઝને અદા કરવાનું નમાઝીને દિલ થાય છે.** નમાઝીને પણ જોઈએ કે, એ ઈત્ર (અત્તાર) લગાવીને મસ્જિદમાં આવે, ખાસ કરીને યૌમુલ જુમોઆએ, પણ જો એ રોઝદાર હોય તો નહીં. અહલુલ બૈત (અ.સ.) થી ફરમાન છે કે, કાચુ લસન યા પ્યાઝ જમીને મસ્જિદમાં ન આવે. નમાઝ પહેલા કોઈ પણ એવી ચીઝ મૂઁહમાં ન લે જેનાથી નમાઝ દૌરાન મસ્જિદમાં બદબૂ ફેલાય, નમાઝીઓને પરૈશાની થાય. જે ચીઝથી મુમેનીનને ઈઝા પહોંચે તે નમાઝીને ન કરવી જોઈએ. ★

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-

## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) - કિસ્ત : ૭

મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) અને અમીરૂલ મુમેનીન મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) ની ફઝીલતનો કિસ્સો એક રિવાયતમાં બયાન કરવામાં આવો છે. એક વકત મૌ.સલમાન એક જમાઅત સાથે બેસા હતા. એટલામાં મૌ.અલી (અ.સ.) નો ત્યાંથી ગુઝર થયો. મૌ.સલમાને બધા જ સાહબો જે આપના સાથે હતા, તેઓ તરફ નઝર કરીને ફરમાવું કે, અય ખુદાના નૈક બંદાઓ, શું કામ તમેં આ અલી બિન અબી તાલિબ (અ.સ.) ના દામનને વિલગી નથી જાતા અને આપ મૌલાથી જ દીન અને શરીઅતની બાબતો તેમજ એહકામ પૂછી નથી લેતા ! લિલ્લાહ, કસમ છે ખુદાના કે, આ અલીના સિવાય કોઈ તમને રસૂલુલ્લાહ નબીયુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ની સીરતે નૂરાનીની ખબર નહીં આપે. **આ અલી તે છે કે, જે ઝમીનના સઘલા વાકેઆતથી ખબરદાર છે, વાકિફ છે.** કેમકે, ઝમીન ખુદ આપની ઝાતે બાકમાલથી કાઈમ છે. આ અલી જો અપના દરમિયાન હાઝિર ન હોતા તો ઈલ્મની રોશની માઅદૂમ થઈ જાતી, ઝાંકી પડી જાતી.

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**કોઈની નાઈન્સાફી પર સબર કરવો એના ઐબોને ઢાંકી દે છે.**

## -::: ૧૨ સુન્નતો :::-
## પડોશી સાથે ખુશ-તઅલ્લુક રાખવો - કિસ્ત : ૧

રસૂલુલ્લાહ રહેમતુલ લિલ આલમીન (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતોમાંથી "માઁ-બાવાજી સાથે ભલાઇ કરવી", "સગાઓ સાથે ખુશ-વહેવાર રાખવો", આ બે સુન્નત પછી તીસરી સુન્નત પડોશીઓ વાસ્તે છે. અલ્લાહતઆલા કુરઆને કરીમની સૂરતુન્નિસામાં ફરમાવે છે કે, તમેં અલ્લાહની બંદગી કરો, શિર્ક ન કરો અને માઁ-બાપ, રિશ્તેદારો, યતીમો, મિસ્કીનો, હર તરહના પડોશીઓ, મુસાફિરો તેમજ નોકરો સાથે અહેસાન કરો, ખુશ-તઅલ્લુકથી પૈશ આવો.

સૈયેદના બદરૂલ જમાલી (આ.કુ.) આપની કિતાબ અલ-મજાલિસુલ મુસ્તનસિરીયહમાં ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતોમાંથી એક સુન્નત "**હિફઝુલ જાર**", યાઅની પડોશીના હક્કોની હિફાઝત કરવું છે. આ સુન્નતમાં ૭ કિસ્મના પડોશીઓ છે જેના વાસ્તે ૧૨ અદબો છે. આ ૭ કિસ્મના પડોશીઓ આ મુજબ છે :

(૧) તારો પડોશી જે મુમિન હોય અને તારો સગો પણ થાતો હોય. એના ત્રણ હક્કો તારા ઉપર વાજિબ થાય છે : પડોશપણનો, મુમિનપણાનો અને સગપણનો હક્ક.

(૨) તારો પડોશી જે તારો સગો થાતો હોય પણ મુમિન ન હોય. એના વાસ્તે બે હક્કો છે, એક પડોશપણાનો અને બીજો સગપણાનો.

(૩) તારો પડોશી જે મુમિન હોય પણ સગો ન હોય એના વાસ્તે પણ બે હક્કો છે, એક મુમિનપણાનો અને બીજો પડોશપણાનો.

(૪) તારો પડોશી જે તારા મઝહબનો ન હોય અને સગો પણ ન હોય. એના વાસ્તે ફક્ત પડોશપણાનો જ હક્ક લાગું પડે છે.

(૫) તારી સોહબતમાં રહેનાર પણ તારો પડોશી કહેવાય અને જે શરતો પડોશપણાની એક મુમિન યા સગા વાસ્તે લાગુ પડે છે, તે તમામ તારા ઉપર વાજિબ છે.

(૬) તારા સાથે સફર કરનાર શખ્સ પણ સફર દૌરાન તારો પડોશી કહેવાય, પછી એ કોઇ પણ તરહની સવારી પર તારા સાથે હોય. સગપણ યા મુમિનપણાનો જે કાનૂન છે તે તારા પર લાગું પડે છે, જો આ પડોશી મુમિન યા તારો સગો હોય.

(૭) તારો આ પડોશી તમામ કરતા આઅલા અને અફઝલ છે કે, જે તારા સાથે ઈલ્મ પઢવામાં તારો હમ-સબક હોય, તેમ દીની મજલિસો અને ઈબાદતોમાં તારા સાથે રહેનાર હોય. એના હુકૂક ઘણા ઝિયાદહ છે અને એના પડોશપણાથી ફાયદો ઉઠાવવો યા એને હર તરહની મદદ કરવી તારા વાસ્તે કરામત અને ફઝીલતનો સબબ છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તું તારા પડોશીની હિફાઝત કર, એને ઈકરામ આપ, એની દેખરેખ રાખ, એની મુસીબતમાં એનો સાથ આપ, ભલેને એ કાફિર હોય. આ જ મિસિલ તું તારા મહેમાનને ઈઝઝત બખ્શ, એની હર હાજત પર નઝર કર અને એની ખિદમતમાં જે કંઇ તારાથી બને તે પૈશ કર, ભલેને એ ફાજિર યા બદબખ્ત હોય. ★

**અરબસ્તાનમાં મૌલાના ઇબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના વક્તથી એ કાયદો ચાલતો આવો હતો કે, અરબના લોગો ઝુલ-કાઅદતિલ હરામ, ઝુલ-હિજ્જતિલ હરામ અને મોહર્રમુલ હરામ મહીનાઓને હજ્જ વાસ્તે અને રજબુલ મુરજ્જબને ઉમરહ વાસ્તે મખ્સૂસ કરતા અને તેમાં જંગો જિદાલ તથા લડાઇઓ બંધ રાખતા, જેથી મુસાફિરો વાસ્તે અમાન રહે. લેહાઝા, આ મહીનાઓ હુરમતવાલા કહેવાયા, સલાસતુન સરદુન વ વાહેદુન ફરદુન, યાઅની ત્રણ મહીના સાથે અને એક મહીનો અલગ. કુફ્ફાર પણ મુસલમાનો જેમ આ હુરમતવાલા અય્યામનો પૂરો એહતેરામ કરતા હતા.**

**દૌલત, બદીઓને દફન કરી દે છે.**

## -::: હજ્જ - ઈસ્લામની ઝીનત :::-

૧૬માં ફાતેમી ઈમામ મૌ.હાકિમ (અ.સ.) ના ઝમાનએ મયમૂનમાં આલી કદર દાઈ સૈ.અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની સાહબ (આ.કુ.) આપના મશ્હૂર કિતાબ **તન્બીહુલ હાદી વલ મુસ્તેહદી**માં ફરમાવે છે કે, "જાણ ! અય મારા ભાઈ, હજ્જ ઈસ્લામનો અઝીમુશ્શાન દેઆમત છે, થાંભલો છે. બૈતુલ્લાહિલ હરામ ઈસ્લામમાં મઆલિમ-મખ્સૂસ ઈલાહી નિશાનીઓની ઝીનત છે, આબો તાબ છે. આ મુકદ્દસ બૈત તરફ હજ્જ કરવું એવી નૈકબખ્તી છે કે, તે જાનોંને મલાએકતે કિરામ-ફરિશ્તાઓની મંઝિલોથી લગાવી દે છે. આ ઘરની જગા જે મક્કા છે, તે અંબિયા (અ.સ.) ની પાકીઝા ઝમીન છે અને ઔસિયા (અ.સ.) ના મકબરહ છે, મશ્હદ છે. ઈબાદતની આઅલામાં આઅલા જગા અને રબ્બે અઝીમથી ખુશનૂદી તલબ કરવાનો સબબ છે. આ તે દર છે કે, જેનામાં દાખિલ થાવાથી નૈકી અને સઆદતોના ખઝાના હાસિલ થાય છે."

ઘર તે કયું ઘર ! જે ઘરમાં નબી સાહબ (સ.અ.વ.વ.) ના નૂરે નઝર, લખ્તે જિગર પૈદા થયા અને જેની આલ બોલતા કુરઆન અને હકીકી કાઅબતુલ્લાહ છે. એ તે છે, જેએ આઁખની એક મિચકાર બરાબર પણ અલ્લાહ અને એના નબીનો કુફ્ર નથી કીધો, એ મૌ.અલી બિન અબી તાલિબ (અ.સ.) છે. **બૈતુલ્લાહ તે અલીનું ઘર છે, આલે મોહંમદનું ઘર છે કે,** જેના ચોતરફ લાતાઅદાદ લોગો હર સાલ મૌસમે હજ્જમાં તવાફ દે છે અને આ ઘર તરફ તવજ્જોહ કરવું ઈબાદત માને છે. આ તે ઘર છે કે, હર લમ્હા અફલાક-આસ્માનોંનો ફૈઝ તેના ચોતરફ ફિરે છે અને ફરિશ્તાઓ તેના ઈર્દગિર્દ તસ્બીહ કરે છે. હર મુમિનનો જાન શૌક કરે છે તે મકામાત પર જાવાનો જ્યાં નબી મુસ્તફા (સ.અ.વ.વ.), અલી મુરતઝા (અ.સ.), અઈમ્મતે હોદાના અને દોઆતે તોકા (સ.અ.) ના પાક કદમ ગુઝરી ચુકા હોય. આ શૌક મુમિનને વાસ્તે તે મુકદ્દસ હસ્તીઓ સાથે રૂહાની તઅલ્લુકાતનો સબબ બને છે અને ઈન્તેકાલ બાદ કુદસના કિયારાઓમાં સૈર કરવાનો અવસર મિલે છે. તે નૂર મિલે કે, જે નૂરથી કબરોની વહેશતમાં રાહત હાસિલ થાય અને અલ્લાહતઆલાની ખૈરો બરકાતનો નુઝૂલ થાય. તો અય મારા ભાઈ! તું ખૂબ કોશિશ કર, ઈજતેહાદ કર કે તે મશ્હદોંમાં તું હાઝિર થાય અને પુખ્તા નિય્યત, પાક દિલીથી તું ઈબાદત કરે, જેથી તારો જાન તે ઔલિયાઉલ્લાહના તરફ શૌક કરે અને તે શૌકના ઝરીએ તું એવા દુરૂસ્ત આઅમાલ બજા લાવે કે, જેથી તું એ સઘલાને જઈ મિલે, તું તમામ હમ-ગમથી નજાત પામે.

કિબ્લતુલ મુકેનીન સબીલુર રાશેદીન હુઝૂરેપુરનૂર સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની દોઆઓના સબબ, આ સાલા આપના તીસરા ફરઝંદે બાકમાલ મુકાસિરૂદ દાઅવતિલ અલવીયહ સૈ. મોહંમદ ભાઈસાહેબ નૂરૂદ્દીન (દા.મ.) હજ્જે બૈતુલ્લાહ વાસ્તે પધારશે. આપના સાથે જમાઅતના ઘણા મુમેનીને પણ આ રૂકને ખુસૂસી વાસ્તે અઝમ કીધેલો છે. ઈન્શાઅલ્લાહ મુકાસિરૂદ્દાઅવત મુમેનીનને હત્તલ ઈમ્કાન હજ્જના મનાસિક અદા કરાવશે. અલ્લાહતઆલાનો ફઝલો કરમ છે કે, મુમેનીન દોઆતે હક્કના નકશે કદમ પર ચાલીને પોતાની દૌલતને પોતાનું એક અહમ ફરઝ અદા કરવામાં ખર્ચી રહ્યા છે. જેમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, હુજ્જાજ અલ્લાહના મહેમાનો છે, તેઓ જે કઈ સવાલ કરશે તે તેઓને મિલશે અને જે કઈ રાહે લિલ્લાહ તેઓ ખર્ચ કરશે તો તેના બદલામાં એક-એક દિરહમના એવઝ હઝાર-હઝાર નૈકીઓ મિલશે. ★

યમનવાલાઓ હજ્જ પર આવતા તો સફર વાસ્તે સામાન-તોશા બગૈર આવતા અને પછી તકલીફમાં આવીને મક્કાના લોગોથી માંગની કરતા. તેથી અલ્લાહતઆલાએ હિદાયત આપી કે, હજ્જના સફર વાસ્તે તોશો ઝરૂર લઈને જાવ અને ભલો તોશો તો તકવા છે. **આખેરતના મુસાફિરો નો બહેતરીન ઝાદ-સામાન તકવા-પરહેઝગારી છે.** અરબની એક જમાઅત અરફાત પર ફક્ત દુનિયાની ખુશહાલી વાસ્તે દોઆ કરતા અને મુમેનીન દુનિયા અને આખેરત બેવેની ખુશહાલી વાસ્તે દોઆ કરતા અને કહેતા કે, અય હમારા રબ, દુનિયામાં હમને હસનત આપ યાઅની મૌ.અલી (અ.સ.) ની વલાયતમાં દાખિલ કર, તેમજ આખેરતમાં પણ તું હમને હસનત આપ યાઅની જન્નતમાં દાખિલ કર. મૌ.અલી (અ.સ.) ની અદાવત અને જહન્નમથી તું હમને બચાવ.

**સખાવત કરનારની દરિયાદિલી, દૌલત-પરસ્તને જલાવી દે છે.**

## -::: નિડરતા :::-

હર જગા પર હક્ક વાત કહેવી, હક્કને ઝાહિર કરવો અને હક્ક તરફ લોગોને દાઅવત આપવી, ઈમાનની હકીકતો માંથી એક અહમ રૂકન છે. કોઈ પોતાને મુમિન કહે, પણ જો એ સાચી વાત બોલવાથી ગુરૈઝ કરે, હક્ક જાણવા છતાં તેને છુપાવે યા ખોટી વાતને હક્કથી ન તોડે, તો એ મુમિન વાસ્તે ઘણી જ શરમની વાત છે કે, પોતે ઈમાનની શરતોનું પાલન ન કીધું. હક્કને ખાતિર તો ઘણાઓએ પોતાની જાન કુરબાન કરી દીધી છે, તેઓની શહાદત મુમેનીન વાસ્તે ઈબરતની એક ખુલ્લી કિતાબ છે. મૌલાના અલી સાહબે ઝુલ્ફિકાર (અ.સ.), મૌ.હમઝા (અ.સ.), મૌ.ઈમામ હુસૈન (અ.સ.), મૌ.ઈમામ આમિર (અ.સ.), સૈ.સુલતાન અલ-ખત્તાબ (રિ.અ.), સૈ.અલી બિન સૈ.ઈબ્રાહીમ (આ.કુ.) વગૈરા શોહદાની સફમાં એક બલંદ મકામ રાખે છે.

મક્કામાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) નો જે ખૌફો ખતરવાલો ઝમાનો હતો, અહલે ઈસ્લામ પર કુફ્ફારના તરહ-તરહના હમ્લાઓ થાતા હતા, તે વકત ની વાત છે કે, એક મસ્જિદમાં આપના ચંદ અસ્હાબ બેસેલા છે, તેમાંથી એક સાહબ બોલા કે, કુફ્ફાર-કુરૈશના સામે જઈને એને કુરઆન સંભલાવે એવો કોઈ જવાઁ મરદ છે ? મૌ.અબ્દુલ્લાહ બિન મસઊદ ઉઠા, જે ૨૦ સાલની ઉમ્રના નૌજવાન હતા. આપે ફૌરન કહ્યું કે, એમાં શું મોટી વાત છે ? હું જાઉં છું અને સરે આમ કુરૈશના કુફ્ફારને કુરઆન સંભલાવી આવું છું. અસ્હાબ બોલા કે, તેમાં ઘણો ખતરો છે ! અબ્દુલ્લાહે કહ્યું કે, મને અલ્લાહ પર ભરોસો છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કૌલ પર યકીન છે. **મને કોઇ ખૌફ નથી, અલ્લાહ મારી હિફાઝત કરશે.** તે બાદ, અબ્દુલ્લાહ, કાઅબતુલ્લાહને નઝદીક મકામે ઈબ્રાહીમ પાસે જઈને ઊભા રહ્યા અને સૂરતુર રહેમાન બલંદ આવાઝથી પઢવું શુરૂ કીધું. કુફ્ફારે કુરૈશ ત્યાં ભેગા થઈ ગયા અને આપના ઉપર તૂટી પડા અને આપને ઘણા ઝખ્મી કીધા. અસ્હાબને ખબર પડી તો બોલા કે, હમને આનો જ ખતરો હતો. અબ્દુલ્લાહ બોલા કે, હવે દુશ્મનોના મુકાબેલા પર જાવું ઘણું આસાન છે, એ લોગો હવે મારૂં કઈ બિગાડી લેવાના નથી. સવારે દોબારહ હું તે જ જગા પર જઈશ અને ઔર ઝોરથી કુરઆનની તિલાવત કરીશ. આ તરહ, જન્નતના જવાનો દુનિયા અને આખેરતમાં નિડર હોય છે અને બેખૌફો-ખતર હક્ક વાસ્તે પોતાની જાનની બાઝી લગાવી દે છે. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ફખરૂદ્દીન બદરૂદ્દીન કૉંચવાલા**
વફાતની તારીખ : ૨૮ શવ્વાલ ૧૪૩૨ / ૨૬-૯-૨૦૧૧.
સરનામું : ફખરી મોહલ્લા, ગેંડીગેટ રોડ, વડોદરા.
ફોન : ૦૯૨૭૬૨૫૯૨૪૬

---

નામ : **મોહસિનાબુ ઇબ્રાહીમ પાપડીયા**
વફાતની તારીખ : ૨૯ શવ્વાલ ૧૪૩૨ / ૨૭-૯-૨૦૧૧
સરનામું : નૂર કોમ્પ્લેક્ષ, તૈયબી પાર્ક, આજવા રોડ, વડોદરા.

---

નામ : **ઝિયાઉદ્દીન અલીભાઇ કૉંચવાલા**
વફાતની તારીખ : ૫ ઝુલકાદ ૧૪૩૨ / ૨-૧૦-૨૦૧૧
સરનામું : મોહંમદી એપા., નવાપુરા, વાડી, વડોદરા.

---

નામ : **ફિઝ્ઝાબુ ઝૈનુદ્દીન ચીકીવાલા**
વફાતની તારીખ : ૧૨ ઝુલકાદ૧૪૩૨ / ૯-૧૦-૨૦૧૧.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૯૯૯૮૦૬૫૪૧૦

---

નામ : **વઝીરાબુ નઝરઅલી બોક્ષવાલા**
વફાતની તારીખ : ૧૨ ઝુલકાદ ૧૪૩૨ / ૯-૧૦-૨૦૧૧.
સરનામું : હરણખાના રોડ, પાણીગેટ, વડોદરા.
ફોન : ૮૧૪૧૨૯૧૩૧૩

---

નામ : **આમેનાબુ યૂસુફઅલી મુસલીવાલા**
વફાતની તારીખ : ૨૧ ઝુલકાદ૧૪૩૨ / ૧૮-૧૦-૨૦૧૧.
સરનામું : અંબર કોમ્પ્લેક્ષ, આજવા રોડ, વડોદરા.
ફોન : ૯૮૨૫૦૪૪૭૮૪૮

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**રહેબર બગૈર કૌમની ઈસ્લાહ કરવાનું સોચનાર, પોતાના ઘરની ઈસ્લાહ કરી શકતો નથી.**

## " અસ્હાબુલ યમીન " કિતાબના -::: અશ્આરે ખુસૂસી :::-

વો કૈસરો કિસરા કે તસવ્વુર મેં નહીં હે,
મુમિન કો જો રાહત હે, યમન હી કી ગલી મેં,
ચૌબીસ દોઆતોં કા યે મસ્કન હે, ઈરમ હે,
એક નૂર કી બારિશ હે, યમન હી કી ગલી મેં.

-------------------------------

સિલસિલા હક્ક કી દાઅવત કા ચલતા રહે,
નૂરે હક્ક યૂઁ હી મિલ્લત પે છાતા રહે.
આઁખે દેખે હમારી યૂઁ બરસો બરસ,
મરહબા યે શજર ફૂલા ફલતા રહે.
યે દોઆતોં કે રોઝેં મુકદ્દર મેં થે,
ખૂબસૂરત યમન કા નઝારા રહે.
કૌમે અલવી કી ઈઝ્ઝત કરેંગે બલંદ,
બચ્ચા બચ્ચા યે હી દિલ સે કહતા રહે.
સાલ નૌ સો કી દાઅવત મેં આયા નિખાર,
શાખે દાઅવત કા ગુન્ચા ભી ખિલતા રહે.
જોડ કર અપને હાથોં કો કહતેં હૈં હમ,
જોશે ખિદમત ખુદાવંદા દેતા રહે.
એક સે ઈબ્તેદા કી હે ઝોએબ ને,
કારવાઁ નસ્સે હક્ક કા ગુઝરતા રહે.
ઈસ કડી કે હૈં સરદાર તૈયેબ ઝિયા,
ફૈઝ ઉલ્ફત કા, ચાહત કા મિલતા રહે.
યે હૈં યાકૂત, હીરેં ભી, મરજાન ભી,
" અલવી " પરચમ સદા લહેરાતા રહે. ★

## નૌહા દર શહાદતે મૌ.મુસ્લિમ બિન અકીલ (રિ.અ.)

એક હશ્ર હુવા બરપા, મુસ્લિમ કી શહાદત હે,
શબ્બીર કા દિલ ટૂટા, મુસ્લિમ કી શહાદત હે,
ઉફ એલચીએ સરવર, ગુરબત મેં ગયા મારા,
ઝૈનબને ભી સર પીટા, મુસ્લિમ કી શહાદત હે,
ઉઠતી હી ન થીં આહેં, થમતે હી ન થેં આંસૂ,
યે હાલે રૂકૈયા થા, મુસ્લિમ કી શહાદત હે,
દિલ દર્દભરા ટૂટા, ગુરબત મેં પિદર છુટા,
દુશ્વાર હુવા જીના, મુસ્લિમ કી શહાદત હે,
કોહરામ થા ખૈમોં મેં, થે અહલે હરમ ગમગીં,
એક અબ્રે અલમ છાયા, મુસ્લિમ કી શહાદત હે,
ઝૈનબને બિછાઈ જબ, મુસ્લિમ કી સફે માતમ,
સરવર કો ભી ગશ આયા, મુસ્લિમ કી શહાદત હે,
ઝહેરા કે ગુલિસ્તાં કો, લૂંટેગી ખિઝાઁ રન મેં,
ઝૈનબ કો યકીં આયા, મુસ્લિમ કી શહાદત હે,
પૈરોં મેં રસન બાંધી, તશરીહ કિયા લાશા,
ઝરોં મેં તલાતુમ થા, મુસ્લિમ કી શહાદત હે,
સર પીટો સભી અપના, "અલવી" ગમેં બેકસ હે,
હેદરને ભી સર પીટા, મુસ્લિમ કી શહાદત હે. ★

ઈસ્લામના ૭ દઆઈમમાં હજ્જ કરવું ફરઝ છે, તેના વાસ્તે કે જે હજ્જના સફર વાસ્તે અને પોતાની ગૈર-હાઝરીમાં અહલો અયાલની હિફાઝત વાસ્તે બંદોબસ્ત કરી શકતો હોય. હવે જે શખ્સ હજ્જ કરવાની તાકત-કૂવત રાખતો હોય એને ઉમ્રો પણ કરવો જોઈએ. હજ્જ ત્રણ તરહની હોય છે :

(૧) **હજ્જે મુફરદ યા ઉમ્રહ મુફરદહ** : ફક્ત હજ્જ યા ફક્ત ઉમ્રહ, આ બેવેમાંથી ચાહે તેને પહેલા અદા કરી શકે છે.

(૨) **હજ્જે કિરાન** : હજ્જ અને ઉમ્રહને મિલાવીને અદા કરે, જે શખ્સ કુરબાની પોતાના સાથે લઈ ગયો હોય યા ત્યાં જ ખરીદી હોય તે પહેલે ઉમ્રો કરે અને તે જ એહરામમાં રહીને હજ્જ પણ તમામ કરે.

(૩) **હજ્જે તમત્તોઅ** : હજ્જ અને ઉમ્રો અલગ-અલગ એહરામમાં કરે, યાઅની, પહેલે ઉમ્રો કરે, તેનો એહરામ ઉતારી દે અને પછી બીજો એહરામ બાંધીને હજ્જથી ફાયદો ઉઠાવે, અરકાન-મનાસિકે હજ્જથી ફારિગ થાય, **આ તરહની હજ્જ અફઝલ છે.**

**જે શખ્સ દુનિયાની લઝ્ઝતોને મારશે તે આખેરતની લઝ્ઝતોને ઝિંદા કરશે.**

## -::: ઝાહેર ખબર :::-

### માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

### રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.** ★

---

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

---

### બુરહાની સ્વીટ માર્ટ

**દરેક પ્રકારની મીઠાઇના ઓર્ડર ઉપર પુરતુ ધ્યાન આપવામાં આવશે.**

**જુના અને જાણીતા પ્રખ્યાત મીઠાઇવાલા**

***એક વખત પધારી, ખાત્રી કરો.***

૩૦૬, સકીના એપાર્ટમેન્ટ, રામપાર્ક, આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯..

**અબ્બાસભાઇ મીઠાઇવાલા**

**મો.: ૯૮૯૮૬૮૪૪૧૨ / ૯૮૯૮૧૯૬૯૪૩.** ★

---

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

### R. J. Collection

**Cottom Dress Material & Kurtas**

*Jennider I. Chaliyarwala*

*&*

*Rozeta A. Motiwala*

101, Huseni Villa, Taiyebi Park, Ajwa Road, Vadodara - 19.

M.: 7698252316. ★

---


નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

---

## -::: Congratulation :::-



**Zishanali Husenibhai Tailor**
75%



**Aliasgar Nadeali Hajariwala**
72%


Both of them has passed MCA (Master in Computer Application) with First Class. The exams was held by Gujarat University in June 2011. Our best wishes for Success in future too. ★

**અહલુલ બૈત (અ.સ.) ના ઈલ્મના એક બાબ માંથી ઈલ્મના બીજા હઝાર દરવાઝાઓ ખુલે છે.**

# -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) આજે, તારા ચહેરાનું પાની ઉતરી ગયું, યાઅની ---- રૂ ચાલી ગઈ. (૨)

(૨) સદકો, ફી સબીલિલ્લાહ ઈમ્દાદ કરવી.(૩)

(૩) એક દિવસમાં કુલ ૫૧ ---- ની નમાઝ થાય છે. (૩)

(૭) પરવરદિગાર, પાલનહાર.(૨)

**આડી તરકીબ :**


(૨) જંગે --- માં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની આંખોમાં દર્દ થયું હતું.(૩)

(૪) ખરાબ, બદ. (૨)

(૫) માઁ ફાતેમા બિન્તે અસદ (અ.સ.), રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ---- સાહેબા થાય છે. (૨)

(૬) હમણા ને હમણા, ફૌરન. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




★

---

*(પેજ નં. ૩ નું બાકી)* ***મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.)....***

આ અલી જ ચશ્મએ હિદાયત છે, આ અલી જ દરિયાએ કરામત છે. મૌ.સલમાનના આ કલામ સાંભલીને તમામ અસ્હાબના દિલો ફઝીલતે મૌ.અલીથી મુનવ્વર થઈ ગયા.

રિવાયતમાં છે કે, એક દિન મૌ.સલમાન, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની મજલિસમાંથી ઉઠીને પોતાના મકાન તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં આપની હામાને સાનીથી મુલાકાત થઈ. તેએ સવાલા કીધો કે, અય સલમાન, રસૂલુલ્લાહ પાસે હમણા કૌન હાઝિર છે ? આપે જવાબમાં કહ્યું કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે એક શખ્સ હાઝિર છે, મગર હું તેને પહેચાનતો નથી ! સાની ફૌરન રસૂલુલ્લાહની મજલિસમાં આવીને શું જોઈ છે કે, અલી આપ નબી સાહબના પાસે તશરીફ રાખે છે. સાનીએ નબી સાહબથી શિકાયત કીધી કે, અય ખુદાના રસૂલ, સલમાને મારી મસ્ખરી કીધી, મારો મઝાક ઉડાવો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પૂછ્યું કે, ભાઈ તમેં પૂરી વાત કહો. સાનીએ તમામ વાત કહી સંભલાવી. કહ્યું કે, સલમાન આ અલીને બરાબર જાણે છે તો પણ તેને મારાથી વાતને છુપાવી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ સલમાનને બોલાવા અને ફરમાવું કે, તમેં શું કામ આ ભાઈને આ મુજબ કહ્યું ? મૌ.સલમાન (રિ.અ.) એ અરઝ કીધી કે, અય કિબ્લએ કૌનેન, રસૂલે સકલૈન, ખુદ આપ જ હમેશા ફરમાવો છો કે, **અલીને કોઇએ ન પહેચાના, આપના ફઝાઇલને ન જાણા, ખુદા અને મારા સિવાય.** તો હવે આપ જ ફરમાવીએ કે, મારા આ અલ્ફાઝ બરાબર છે કે, નહીં ? મારી અને મારા હમ મિસ્લના લોગોની શું તાકત કે, મૌ.અલી (અ.સ.) ના દરજાની માઅરેફત કરીએ, આપના હક્કને એની અસ્લીયત મુજબ પહેચાનીએ. સાની આ કલામે મૌ.સલમાન સાંભલીને ખામોશ થઈ ગયો.

શાન મેં જિસકે આઈ નાદે અલી, ફલક સે જિનપે ઝુલફિકાર ઉતરી,
સમઝા જિસ બંદે કો ખુદા કોઈ, સબ પે અઝહર હે યે મગર ફિર ભી,
ઝાતે હૈદર કો કોઈ ક્યા જાને, યા નબી જાને યા ખુદા જાને. ★

**મુરદાર મચ્છી જમવું નજિસ છે.**

## -::: પુખ્તા અકલ અને દુનિયાની ડિગ્રી :::- કિસ્ત-૧

ખુદાતઆલાની બેશુમાર પૈદાશુદા ચીઝો દુનિયામાં છે પણ ઈન્સાનનું Creation એવું અદભુત છે કે, એમાં અકલનો નગીનો મુકવામાં આવો છે. ઈન્સાન પૈદા થાય છે તો એ અકલ સાથે પૈદા થાય છે જેને અકલે તબીઈ - inborn intellect કહેવાય છે. તે બાદ જે કંઈ એ પોતાના ઉસ્તાઝ પાસેથી સાંભલે છે યા શીખે છે તેથી એની અકલમાં ઈઝાફો થાય છે, અકલ ખિલે છે. સૈયેદના કાઝી નોઅમાન સાહબ (આ.કુ.) ફરમાવે છે કે, એક દિન હું મારા મૌલા ઈમામ મોઈઝ (અ.સ.) ની હઝરતે આલીયહમાં હતો અને અકલના સિલસિલામાં ઝિકિર નિકલી. આપ મૌલાએ ફરમાવું કે, અય નોઅમાન, જોવ ! **હરએક શખ્સ એમ જ દાઅવો કરે છે કે, પોતે આકિલ છે, બેવકૂફ નથી.** જે શખ્સ મજનૂન-ઘેલો પણ હશે ને, એને તમેં પૂછશો તો એ એમ જ કહેશે કે, પોતે તમામથી ઝિયાદહ આકિલ છે. સઘલાઓ અકલના દાઅવેદાર છે, પણ આપસમાં મુખ્તલિફ છે અને એકબીજાથી સરસાઈ કરવામાં હસદ કરતા રહે છે.

સહી માઅનામાં અકલ તે ચીઝ છે કે, જેથી હક્ક અને બાતિલ, સચ અને જૂઠ, ફાયદામંદ અને નુકસાનદેહ ને દરમિયાન તમીઝ થાય. આલિમ અને જાહિલને દરમિયાન ફરક થાય. મેં અરઝ કીધી કે, અય મારા મૌલા, ફરક કરનારી તે કઈ ચીઝ છે ? આપે ઝરા ખામોશ રહીને પછી મુસ્કુરાતા મુસ્કુરાતા ફરમાવું કે, આકિલ શખ્સ એ છે કે, જે ખુદાની ખુશીમાં પોતાની ખુશી સમઝે, યાઅની તાઅત કરે, ખુદાના હર ફરમાનમાં પોતાની ભલાઈ જોઈ અને હર હરામ કામને નુકસાનવાલું માને, ખુદાની તરફ દાઅવત કરનાર સાહબોની ઝિંદગી મુજબ પોતાની ઝિંદગીની રવિશ બનાવે. હવે કોઈ શખ્સ આ તમામ ચીઝોથી ખિલાફ જાય અને પોતાનું મન જે ચાહે અને એને જે ફાવે તેમ અમલ કરે તો એ જાહિલ છે. **આ જ છે ફરક આલિમ અને જાહિલમાં.**

આ બેવે વાસ્તે એમની ઝબાન જ કાફી દલીલ છે. આકિલની અકલ, કામિલ હોવાના સબબ એની ઝબાન કમાલીયતના દરજા પર પહોંચે છે. ખૂબ સોચી-વિચારીને સમઝ-બૂઝ સાથે કલામને ઝબાનથી અદા કરે છે. એની ગુફતગૂ હિકમતથી પુર અને હમ્દો શુક્રથી સજેલી હોય છે. એ કામનું જ બોલે છે અને બેકારની વાત યા બહેસથી પરહેઝ કરે છે. એની ઝબાન અને કામ એના અકલની બોલતી તસ્વીર હોય છે. જાહિલની અકલ નાકિસ-કાચી હોવાથી એ પોતાની ઝબાન પર કાબૂ રાખી શકતો નથી. **ઝબાન બેકાબૂ થઇ જાવાથી એના કામ અને કલામમાં ફરક આવી જાય છે.** એની સોચ પહેલા એની ઝબાન ચાલતી હોય છે અને પોતે કેટલો આકિલ છે તે સાબિત કરવા ઘણું બધું ના બોલવા જેવું પણ બોલી નાંખે છે. ખોટા લોગોની તાઅરીફ કરી દે છે અને ઝલીલ લોગોને ઈઝઝતદારનો ખિતાબ આપે છે. ★

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★